જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૩/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૮૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૧૮૧ લીટર દેશી દારૂ, ૪૩૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪,૩૮૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૩૭૦ બિયર ટીન, ૦૧ કન્ટેનર ટ્રક, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૫,૨૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૩૮૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૩૮૯/૨૦૨૬**

ક્રાઇમ બ્રાન્ચઃ અશોકકુમાર રાણમલ સાલેચા (ઉ.વ.૫૪) (રહે. રોયલ જાર્ડીન રેલવે ક્રોસીંગ પાસે શાહીબાગ) એ તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) શ્રવણ દેવાજી પ્રજાપતી (રહે. ધોબીનો ખાંચો ઢાળનીપોળ આસ્ટોડીયા) (૨) "વિહાર કલેકશન"ના માલીક બિંદુ પરમેશ્વરપ્પા (રહે. ૧–મેન ઓમ્બ્રા લેઆઉટ, સીએમઆર લૉ કોલેજ પાસે ચિકા બનાસવાડી બેંગલોર) (૩) પીન્ક સીટી ડિઝાઇનર ના માલીક વિકાસ શર્મા (ઠે.કનોટા માર્કેટ મણીરામજીની કોઠી જોહરી બજાર જયપુર રાજસ્થાન) (૪) "વિકાશ ફેશન" ના માલિક વિજયભાઇ (ઠે. નં.૧૩૨, રુમ નં.૨૩૯૧, પંજાબી ગાર્ડન પાસે ચર્ચ મસ્જીદ ટાગોર નગર–૭ વિખરોલી–ઇ, મુંબઇ) (૫) "પદ્માવતી ક્રિએશન " ના માલિક દિપક પારીખ (ઠે. શોપ નંબર.૨૧૩, કોશા બિલ્ડીંગ મલાડ ઇસ્ટ મુંબઈ (૬) "માં ગારમેન્ટ" ના માલિક બંટીભાઇ (ઠે. ૧. લાલ ચંદ ચાલી રામનગર મલાડ, ઇસ્ટ મુંબઇ) તથા (૭) એજન્ટ – હર્ષશુકલા (રહે. શ્રી બાલાજી ટેક્ષટાઇલ એજન્સી, ફલેટ નં.એ–૫૦૪ પાંચમી બીલ્ડીંગ, સ્વર્ણ હંસ ટાવર બીજો માળ નેચરલ આઇસ્ક્રીમની સામે, નાલા સોપારા, વેસ્ટ મુંબઇ) એ ભેગા મળી તા.૨૨/૦૧/૨૦૨૫ થી તા.૦૮/૦૮/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન રાયપુર ન્યુ ક્લોથ માર્કેટ માળીયુ દુકાન નંબર–૨૫૫ ખાતેથી માલ મેળવી બાકી નિકળતા રૂપિયા ૮૦,૬૧,૨૪૬/– આજદીન સુધી નહી ચુકવી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા ન્યુ ક્લોથ માર્કેટ વિંગ પો.સ.ઇ.શ્રી એસ.એસ.તડવી ચલાવે છે.

મણીનગરઃ પ્રકાશભાઇ પાનાચંદભાઇ શાહ (ઉ.વ.૬૧) (રહે. પર્શ્વ ઓરીયન રેસીડન્સ, પાલડી ચાર રસ્તા પાલડી) એ તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ મોબાઇલ નંબર ૭૫૧૧૩૦૬૮૧ ના ધારકે પ્રકાશભાઇ શાહ નાઓને વોટ્સએપ કોલ કરી બેંક ઓફ બરોડા ટેકીકલ ડીપાર્ટમેન્ટમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી પ્રકાશભાઈ શાહ નાઓને ઓનલાઇન કરેલ ફરીયાદ આગળ ફોરવર્ડ કરવાનું જણાવી વિશ્વાસમાં લઈ પ્રકાશભાઈ શાહને ચાલુ કોલમા એક કસ્ટમર સપોર્ટ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી તેમા પ્રકાશભાઈ શાહની વિગત ભરાવી પ્રકાશભાઈ શાહના બેન્કના ખાતામાંથી રૂપિયા ૨,૧૭,૦૮૫/– ઓનલાઇન ટ્રાન્સફર કરી મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.જે.રાઠોડ ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ શીલજ વિસ્તારમાં રહેતા અને વકીલાત કરતા સિત્તેર વર્ષના વૃધ્ધ પુરૂષે તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૨૫ માહે નવેમ્બર થી તા.૧૯/૦૨/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન ફેસબુક આઇ.ડી.લક્ષ્મીદેવી રેડ્ડી ના ધારકે તેમજ વોટસ એપ નંબર ૯૬૦૧૪૨૩૦૮૧ દ્વારા મિત્રતા કેળવી ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાથી વધુ નફો કમાવવાની લાલચ આપી વિશ્વાસ અને ભરોષામાં લઇ લીંક મોકલી HTTPS://CBOEUS.ORG/MO/#/ દ્વારા CBOE US નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી તેમાં પર્સનલ એકાઉન્ટ ખોલાવી CBOE US ની કસ્ટમર કેર સર્વિસ દ્વારા વોટ્સ એપ નંબર +૧ (૮૦૮) ૭૪૩-૫૮૯૯ ના ધારકે USDT માં રોકાણ કરાવી CBOE US નામની એપ્લીકેશનમાંથી નફા પેટે ટુકડે-ટુકડે રૂપિયા ૨,૧૦,૦૦૦/- પરત આપી વિશ્વાસ કેળવી USDT માં વધુ રોકાણ કરાવી જુદી-જુદી બેંક ખાતા નંબર મોકલી તેમાં અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂપિયા ૬૦,૦૦,૦૦૦/- ભરાવડાવી તે પૈકી રૂપિયા ૨,૧૦,૦૦૦/- પરત આપી કોઇ નફો કે ભરેલ નાણાં પરત નહી આપી કુલ રૂપિયા ૫૭,૯૦,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીડીં કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.વી.વાઘેલા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૩૯૦/૨૦૨૬**

એરપોર્ટઃ વિષ્ણુભાઈ જવાહરલાલ પરીયાની (ઉ.વ.૬૯) (રહે. સ્વામી સર્વાનંદ સોસાયટી બ્રહ્માકુમારીની બાજુમાં હાંસોલ સરદારનગર) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૩/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ થી ૦૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરના કબાટમાંથી સોનાના દાગીના તેમજ ડાયમંડની વીંટી અને રીયલ ડાયમંડનું પેડલ મળી કુલ કિમત રૂપિયા ૧,૮૯,૫૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ચાવડા ચલાવે છે.

આ ગુનામાં શકદાર તરીકે ઘરમાં ઘરઘાટી તરીકે કામ કરતી મહીલાને દર્શાવેલ છે.

સોનાની ચેઇન ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૩૯૧/૨૦૨૬**

ચાંદખેડાઃ રમેશભાઇ ભીખાભાઇ ગોહિલ (ઉ.વ.૫૮) (રહે. મેપલ પર્મેશ્વર અપોલો ઇન્ટરનેશનલ સ્કુલ સામે ચાંદખેડા) તા.૧૬/૦૩/૨૦૨૬ સવારના ૦૭/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા આવકાર હાઇટસથી શેફાલ એલાગ્રાન્ડ-૪ ની વચ્ચે ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રમેશભાઇ ગોહિલના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૯૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રમેશભાઇ ગોહિલએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી